નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ બાદ નિમણૂંક પામેલ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષણ સહાયકોની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તથા નિવૃતિ વિષયક લાભો માટે સેવા તરીકે માન્ય ગણવા બાબતે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ફાઇલ ક્રમાંકઃ સમશ-૧૦૦૮-૩૯-ગ.૧
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ ૦૭/૧૦/૨૦૨૨

વંચાણે લીધાઃ

**(1)** શિક્ષણ વિભાગના તા.૧૨/૦૨/૨૦૦૪નો ઠરાવ ક્રમાંકઃસમશ-૧૦૨૦૦૧-૧૮૧૭-ગ.૧

**(2)** નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧

**(3)** શિક્ષણ વિભાગના તા.૦૪/૦૨/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ સમશ-૧૦૦૮-૩૯-ગ.૧

**(4)** નાણા વિભાગનો તા.૧૮/૦૧/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧

**(5)** શિક્ષણ વિભાગનો તા.૦૮/03/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૨૦૧૭/સીંગલ ફાઇલ-૫/ક

**(6)** કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તા. ૦૭/૧૧/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ મકમ/મ.શિ. પ્રવરતા, બઢતી/ ૨૦૧૯/૮૬33

**(7)** કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તા.૨૮/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ ૪૯/મકમ/મ-૯/૨૦૨૧/૫૭૭

**(8)** કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તા.૨૨/03/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ ૪૯/મકમ/મ-૯/૨૦૨૨/૨૨૪૫

**આમુખઃ**

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા.૧૨/૦૨/૨૦૦૪ના ઠરાવથી રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં માધ્યમિક વિભાગના



Scanned by CamScanner

શિક્ષણ સહાયકની માસિક રૂ.૪૦૦૦/-, ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષણ સહાયકની માસિક રૂ.૪૫૦૦/-, વહીવટી સહાયકની માસિક રૂ.૨૫૦૦/- અને સાથી સહાયકની માસિક રૂ.૧૫૦૦/-ના ફીક્સ પગારથી પાંચ વર્ષ સુધી ભરતી કરવા તથા પાંચ વર્ષ સુધી સંતોષકારક કામગીરી બાદ છઠ્ઠા વર્ષથી મળવાપાત્ર પગારધોરણમાં શરૂઆતના તબક્કે મળવાપાત્ર તમામ લાભો આપવાની જોગવાઈ કરવામાં આવેલ .

નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવથી રાજ્ય સરકારની વર્ગ-૦૩ અને વર્ગ-૦૪ની સીધી ભરતીની નિમણૂંકો પાંચ વર્ષના સમયગાળા માટે ફીક્સ પગારના અજમાયશી તરીકે કરવાની યોજના અમલમાં આવેલ.

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના તા.૦૪/૦૨/૨૦૦૮ના ઠરાવની જોગવાઇ (૫) મુજબ, નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ બાદ નિમણૂંક કરવામાં આવેલ શિક્ષણ સહાયકને નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવની જોગવાઇઓ મુજબ નિમણૂંક કરવાની જોગવાઇ કરવામાં આવેલ.

નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૪) સામેના તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવથી ફિક્સ પગારની નીતિ હેઠળ નિમણૂંક પામેલ કર્મચારીઓનો પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગારધોરણ તેમજ નિવૃત્તિ વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવાની જોગવાઈ કરવામાં આવેલ.

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૫) સામેના તા.૦૮/૦૩/૨૦૧૯ના ઠરાવથી જિલ્લા શિક્ષણ સમિતિઓ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓના વિદ્યા સહાયકોની પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે માન્ય ગણવા જોગવાઈ કરેલ છે.

નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૪) સામેના તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ તથા શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૫) સામેના તા.૦૮/૦૩/૨૦૧૯ના ઠરાવની જોગવાઇ મુજબ, નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ બાદ ફિક્સ પગારથી નિમણૂંક પામેલ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકોની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગારધોરણ તેમજ નિવૃત્તિ સમયે મળવાપાત્ર નિવૃતિ વિષયક લાભો માટે સેવા તરીકે ગણવા માટે કમિશનરશ્રી શાળાઓની કચેરીએ વંચાણે લીધા ક્રમાંક (૬) થી (૮) સામેના પત્રોથી દરખાસ્ત કરેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ બાદ ફિક્સ પગારથી નિમણૂંક પામેલા શિક્ષણ સહાયકોને તેઓની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે સેવા તરીકે, નીચેની શરતોને આધીન, તા.૦૧/૦૪/૨૦૧૯ની અસરથી ગણવાની આથી મંજૂરી આપવામાં આવે છે:



Scanned by CamScanner

(1) આવી ફિક્સ પગારની નોકરીનો સમયગાળો બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગારધોરણ અને નિવૃતિ સમયે મળવાપાત્ર નિવૃત્તિ વિષયક લાભોની ગણતરી માટે જ ધ્યાને લેવાનો રહેશે.

(2) આ ફિક્સ પગારની સેવા ધ્યાને લેવાને કારણે પગાર બાંધણી નક્કી થતાં પગારનો તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સંપૂર્ણ સમયગાળા સુધીનો કોઇ પણ તફાવત (એરિયર્સ) રોકડમાં કે અન્ય કોઇ પણ રીતે ચૂકવવાપાત્ર થશે નહી. એટલે કે તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળા માટે આ ગણતરી માત્ર નોશનલ કરવાની રહેશે. તેમજ તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળાનું કોઇ એરિયર્સ મળવાપાત્ર થશે નહી.

(3) આ ફિક્સ પગારની સેવાના સમયગાળા માટે કોઇપણ પ્રકારના ઇજાફા ગણતરીમાં, નોશનલના હેતુ માટે પણ ધ્યાને લેવાના રહેશે નહી.

(4) જે શિક્ષણ સહાયકોને હાલની તારીખે જુની પેન્શન યોજના લાગુ પડે છે તેઓને જુની પેન્શન યોજના લાગુ પડશે. જે શિક્ષણ સહાયકો નવી પેન્શન યોજનામાં જોડાયેલા છે તેઓને નવી પેન્શન યોજના જ લાગુ પડશે. અર્થાત ફિક્સ પગારની નોકરીનો સમયગાળો ધ્યાને લેવાના કારણે તેઓને હાલમાં લાગુ પડેલ પેન્શન યોજનામાં કોઇ ફેરફાર કરવામાં આવશે નહીઃ

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની સરકારશ્રીની તા.૦૩/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.એમ.પઠાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાનાઃ-

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(નાણા વિભાગ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.



Scanned by CamScanner

❖ પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

❖ સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ ઓનલાઇન અપલોડ કરવા સારૂ.

❖ નાયબ સેકશન અધિકારી.

❖ સિલેક્ટ ફાઈલ.

૨૩૦૨૯-૬૨

ક્રમાંક ૪૯/મકમ/મ-૯/૨૦૨૨/
કમિશ્નર, શાળાઓની કચેરી.
બ્લોક નં.૯/૧,ડો.જીવરાજ મહેતા ભવન.
ગુ.રા., ગાંધીનગર.
તા.૨૪/૧૦/૨૦૨૨

સરકારશ્રી, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:સમશ-૧૦૦૮-૩૯-ગ.૧ તા.૦૭-૧૦-૨૦૨૨ અન્વયે જાણ તથા અમલ સારૂ.

પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ.

(એચ.એચ.રાજયગુરૂ)
નાયબ શિક્ષણ નિયામક(મહેકમ)
ગુ.રા.,ગાંધીનગર.

ક્રમાંક:જકચ/ઉપડી/ઠરાવ/ ૨૦૨૧૨
તા : ૨૫/૧૦/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સ.મા. અને ઉ.મા. શાળા
સુરત જીલ્લા

ઉક્ત ઠરાવની જાણસાર તથા અમલસાર તથા નિયમાનુસાર દરખાસ્ત કચેરીએ રજૂ કરવા સાર

જીલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત.

E:\MITTAL\GENERAL\2008\39.DOCX

Scanned by CamScanner